# 43

**અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિના ફોર્મ ભરવા માટેનું પોર્ટલ રીઓપન કરવા બાબત**

***૧૫/૪/૧૯૯૨ શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ** (વાંસદા): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | વર્ષ ૨૦૨૧–૨૨ માટે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ / હોસ્ટેલ ફુડ સહાય માટે ઓનલાઈન ફોર્મ ભરી શકે તે માટે તા.૨૫–૦૨–૨૦૨૩ થી તા. ૩૧–૩–૨૦૨૩ સુધી પોર્ટલ રી–ઓપન કરવામાં આવ્યું હતું પરંતુ તે તા.૧૫–૩– ૨૦૨૩ના રોજ બંધ કરી દેવામાં આવ્યું હતું તે હકીકત સાચી છે, | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો તેના કારણો શા છે, અને | (૨) | દરેક નાણાંકીય વર્ષના માર્ચ મહિનાની તારીખ ૧૫ થી ૩૧ સુધી તમામ એસ.સી./એસ.ટી./ ઓ.બી.સી.જ્ઞાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ / સહાયના મહત્તમ ચુકવણા એક જ ડીજીટલ ગુજરાત પોર્ટલ મારફત થતા હોય તેમજ આ સમયગાળા દરમિયાન પોર્ટલ પર વધુ લોડ રહેતો હોય ચુકવણાની પ્રકિયામાં ટેકનિકલ પ્રશ્નો ઉપસ્થિત ના થાય તે ધ્યાને લેતા વર્ષ ૨૦૨૧– ૨૨ માટે ઓનલાઈન અરજી કરવાનું સ્થગિત કરવામાં આવેલ હોઈ તા.૧૫/૦૩/૨૦૨૩ થી પોર્ટલ બંધ કરવામાં આવેલ હતું. |
| (૩) | બાકી રહી ગયેલા વિદ્યાર્થીઓ ફરી ફોર્મ ભરી શકે તે માટે આ પોર્ટલ ક્યારે રી–ઓપન કરવામાં આવશે ? | (૩) | વર્ષ ૨૦૨૧–૨૨ માટે અનુસૂચિત જનજાતિના બાકી રહેલ વિદ્યાર્થીઓને આવરી લેવા ફરી તા.૦૭/૦૪/૨૦૨૩ થી તા.૦૬/૦૫/૨૦૨૩ સુધી પોર્ટલ રી–ઓપન કરવામાં આવેલ હતું. |

-----------------------------